Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

91

# નર્મદા જિલ્લાના પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન કરેલ દંપતીઓના માનસિક સ્વાથ્યનો અભ્યાસ

**અનિલભાઈ બી. તડવી**

રીસર્ચ સ્કોલર, સમાજકાર્ય, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ શહેર

**સારાંશ**

નર્મદા જિલ્લાનું ક્ષેત્રફળ 2,755 ચો. કિ.મી. છે. આ જિલ્લામાં મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ અને વનાચ્છાદિત છે. અહીં કેવડિયા ખાતે આવેલ સરદાર સરોવર (નર્મદા યોજના) આપણા દેશની મહત્વની બહુહેતુક યોજના છે, જે પૈકી સિંચાઇ અને વીજ ઉત્પાદન મુખ્ય હેતુઓ છે. આ ઉપરાંત આ જિલ્લાની બીજી મહત્વની કરજણ નદી પર પણ મોટો બંધ બાંધવામાં આવેલો છે. આ જિલ્લાની રચના 2 ઓક્ટોબર 1997ના રોજ કરવામાં આવી હતી. વડોદરા જિલ્લાના તિલકવાડા અને ભરૂચ જિલ્લાના નાંદોડ, ડેડીયાપાડા અને સાગબારા દ્વારા નવો નર્મદા જિલ્લો રચવામાં આવ્યો હતો. 2011ની વસ્તી ગણતરી પ્રમાણે નર્મદા જિલ્લાની વસ્તી 5,90,379 વ્યક્તિઓની છે, જેમાંથી 10.44% લોકો શહેરી વિસ્તારમાં રહેતા હતા. જિલ્લામાં નાંદોદ, ડેડીયાપાડા, તિલકવાડા, સાગબારા, ગરૂડેશ્વર તાલુકાઓ આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન કરેલ દંપતીઓના માનસિક સ્વાથ્યનો અભ્યાસ કરવા માટે નર્મદા જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તાર માં માનસિક સ્વાથ્ય વચ્ચે કોઈ તફાવત છે કે નહિ તેની ચકાસણી કરવાનો છે. પ્રસ્તુત અભ્યાસના હેતુ ને ધ્યાન માં રાખી ને શહેર અને ગ્રામ્ય વિસ્તાર ને નિદર્શ તરીકે કરવામાં આવી હતી. જેમાંથી કુલ 120 પરિણીત પુરુષ અને સ્ત્રીઓની પસંદગી નિદર્શ તરીકે કરવામાં આવી છે. જેમાંથી 60 પ્રેમ લગ્ન કરેલ યુગલ અને 60

આયોજિત લગ્ન કરેલ યુગલમાથી 30 સ્ત્રીઓ અને 30 પુરુષો દ્વારા પ્રાપ્ત જવાબો પરથી તારણો પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

**ચાવીરૂપ શબ્દો:** નર્મદા જિલ્લો, પ્રેમ લગ્ન, આયોજિત લગ્ન, દંપતીઓ, માનસિક સ્વાથ્ય

## 1. પ્રસ્તાવના

કોઈપણ સંશોધન ના સમગ્ર કાર્યનો આધાર મુખ્યત્વે સંશોધકે અપનાવેલ પધ્ધતિ ઉપર રહેલો છે. સંશોધન કાર્યમાં અપનાવવા માં આવેલ પધ્ધતિ જેટલી યોગ્ય અને યથાર્થ મેળવી શકાય છે. તેમજ તેનું સંશોધન કાર્ય તેટલા પ્રમાણ માં સફળ બને છે. આમ, કોઈપણ સંશોધનકાર્યની સફળતા તેની પધ્ધતિ પર અવલંબે છે. આજ ના યુગ માં સુયોગ્ય આયોજન વિના વિકાસ શક્ય બન્યો નથી. પછી તે આયોજન આર્થિક હોય, સામાજિક હોય કે શૈક્ષણિક હોય. આજ ની 21મી સદી એ નોલેજ ઈન્ડસટ્રી તરીકે ઓળખાય છે. સંશોધનો દ્વારા નવા નવા તથ્યો પામવા તથા પ્રાપ્ત સત્ય કે હકીકતો ની સત્યનિષ્ઠા પ્રસ્થાપિત કરવા માનવી વધારે પ્રવૃતિશીલ બન્યો છે તેમ કહી શકાય. કોઈપણ સંશોધન કાર્ય ઓછા પ્રયત્ન, ઓછા સમય માં કરવા માટે સંશોધન નું વ્યવસ્થિત આયોજન એ સમય અને શક્તિ નો બચાવ કરે છે. જેમ સંશોધક, સંશોધન અંગે સંપૂર્ણ સ્પષ્ટતા મેળવે તેમ સંશોધન વધુ વ્યવસ્થિત અને સુયોગ્ય બને છે.

આજ ના પ્રગતિશીલ યુગ માં સંશોધન એ વિકાસ ની એક મહત્વ ની પ્રક્રિયા છે. તે જ્ઞાન ના વિકાસ ની જ નહીં પરંતુ સામાજિક જીવન ના વિભિન્ન ક્ષેત્રો માં પ્રગતિ નું એક સશક્ત સાધન પણ છે. સંશોધન થી બધાં જ લોકો પરિચિત હોય છે પણ મહદઅંશે લોકો માને છે કે સંશોધન એ કોઈ નવી હકીકત, નવીન તથ્ય ની શોધ કરવી તે છે, પણ પૂર્ણતઃ એ સત્ય નથી. સંશોધન ની સાથે પણ જાણવું જોઈએ કે તેના દ્વારા અનેક પ્રકાર ના તથ્યો નું સંકલન કરવા માં આવે છે. તેના વિશ્લેષણ બાદ તેમાંથી વ્યાપક અર્થ કાઢવા માં આવે છે. આમ, સંશોધન એટલે, “સંશોધન કોઈ ક્ષેત્ર વિશેની સંબંધિત સમસ્યા નું સર્વાંગી વિશ્લેષણ છે.” સમસ્યા નો આધાર જિજ્ઞાસા છે અને જિજ્ઞાસા એ સંશોધન ની આધારશીલા છે.

## 2. સાહિત્યની સમીક્ષા

- **ઈસાક, રથના અને અનિશા શાહ (2007).** (1) લગ્નસમાયોજન માપન કસોટી (2) જાતિયતા માપન કસોટીથી બેંગ્લોરના લગ્ન અને કુટુંબ મનોવૈજ્ઞાનિક સારવાર કેન્દ્રમાંથી 20 દુ:ખી અને 20 દુ:ખી ન હોય તેવા 40 દંપતીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા. તારણ : (1) મહિલાઓમાં પુરૂષો કરતાં જાતિયતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. (2) દુ:ખી દંપતીઓ કરતા દુ:ખી ન હોય તેવા દંપતીઓમાં જાતિયતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. (3) જાતિયતા જેમ વધારે જોવા મળે છે તેમ લગ્નસમાયોજન વધારે સારું જોવા મળે છે. (4) મહિલાઓમાં જાતિયતા વધારે હોવાને લીધે લગ્નસમાયોજન પુરૂષો કરતાં વધારે જોવા મળે છે.
- **નાથાવટ, એસ.એસ. અને આશા માથુર (1993).** ભારતીય શિક્ષિત ગૃહિણીઓ અને વ્યવસાયી મહિલાઓ વચ્ચેનો લગ્નસમાયોજન અને વ્યક્તિગત સુખાકારી અંગેનાં આ અભ્યાસમાં કુમાર અને રસતોગી (1976) રચિત લગ્નસમાયોજન માપન કસોટી વાર (1984) રચિત વ્યક્તિગત સુખાકારી માપન કસોટીના ઉપયોગથી 400 શિક્ષિત મહિલાઓ જેમાં 200 ગૃહિણીઓ અને 200 વ્યવસાય કરતી મહિલાઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવી. જેથી જાણવા મળે છે કે શિક્ષિત ગૃહિણી કરતા શિક્ષિત વ્યવસાયી મહિલાઓમાં લગ્નસમાયોજના અને વ્યક્તિગત સુખાકારીનું પ્રમાણ વધારે છે.
- **મહેતા, રેણુકા (1997),** જાતિય ભૂમિકાના સંબંધમાં લગ્ન થયેલ દંપતીનું લગ્નસમાયોજન અને માનસિક તંગદિલીના અભ્યાસ માટે 400 દંપતીઓને પસંદ કરવામાં આવ્યા હતા. તેના તારણો (1) જાતિય ભૂમિકામાં દંપતીઓ ઉપર લગ્નસમાયોજન અને માનસિક તાણના અનુભવનો સાર્થક પ્રભાવ જોવા મળે છે. (2) લગ્નસમાયોજન અને માનસિક તાણના અનુભવનો સાર્થક તફાવત જોવા મળે છે.
- **જુલી એ. સુમાકર અને કેનેથ ઈ. લીયોનાર્ડ (2005),** 634 દંપતીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા તેના દ્વારા જાણવા મળ્યું હતું કે વહેલા કરેલા લગ્નમાં શારીરિક ત્રાસ, શાબ્દિક બોલાચાલી વધારે પ્રમાણમાં હતા.

**3. સંશોધન નાં હેતુઓ**

- પ્રેમ લગ્નમાં લગ્ન વચ્ચે શું તફાવત છે તે વિશે જાણકારી મેળવવી.
- પુરુષો અને સ્ત્રીઓના પ્રેમ લગ્ન વચ્ચે શું તફાવત છે તે વિશે જાણકારી મેળવવી.
- પુરુષોનાં પ્રેમલગ્ન વચ્ચે શું તફાવત છે તે વિશે જાણકરી મેળવવી.
- સ્ત્રીઓના પ્રેમ લગ્ન ચ્ચે શું તફાવત છે તે વિશે જાણકારી મેળવવી.

**4. ઉત્કલપનાઓ**

- પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- પુરુષો અને સ્ત્રીઓ ના પ્રેમ લગ્ન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.
- પુરુષો અને સ્ત્રીઓ ના આયોજિત લગ્ન વચ્ચે કોઈ સાર્થક તફાવત નહિ હોય.

**5. નિદર્શ ની પસંદગી**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ નર્મદા જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તાર માં માનસિક સ્વાથ્ય વચ્ચે કોઈ તફાવત છે કે નહિ તેની ચકાસણી કરવાનો છે. પ્રસ્તુત અભ્યાસના હેતુ ને ધ્યાન માં રાખી ને શહેર અને ગ્રામ્ય વિસ્તાર ને નિદર્શ તરીકે કરવામાં આવી હતી.

પ્રસ્તુત અભ્યાસ માટે નિદર્શ તરીકે નર્મદામાં રહેતા પરિણીત યુગલો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્નને ધ્યાનમાં રાખી અદૃચ્છ રીતે પસંદગી કરવામાં આવી છે. કુલ 120 પરિણીત પુરુષ અને સ્ત્રીઓની પસંદગી નિદર્શ તરીકે કરવામાં આવી છે. જેમાંથી 60 પ્રેમ લગ્ન કરેલ યુગલ અને 60 આયોજિત લગ્ન કરેલ યુગલમાથી 30 સ્ત્રીઓ અને 30 પુરુષોની સંખ્યા રાખવામાં આવી હતી, જે આ પ્રમાણે છે.

| વિગત | સ્ત્રી | પુરુષ | કુલ |
|---|---|---|---|
| પ્રેમ લગ્ન | 30 | 30 | 60 |
| આયોજિત લગ્ન | 30 | 30 | 60 |
| કુલ | 60 | 60 | 120 |

## 6. સાધન સામગ્રી

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે સૌ પ્રથમ ગામડાં અને શહેર વિશે માહિતી મેળવી, ત્યારબાદ લોકો ને મળી અભ્યાસ વિશે ની માહિતી આપી. સંશોધન કાર્ય માટે આ અભ્યાસ નુ મહત્વ અને તેનો હેતુ સ્પષ્ટ કરી તેમને વિશ્વાસ પ્રાપ્ત કર્યા.

- **વ્યકતિગત માહિતી પત્રક:** પ્રસ્તુત સંશોધન માં હેતુઓ ને ધ્યાન માં રાખી ને વ્યક્તિગત માહિતી પ્રાપ્ત કરવા માટે તૈયાર કરેલ વ્યક્તિગત માહિતી પત્રક કસોટી માં જ મૂક્વામાં આવ્યું હતું. જેમાં નામ, ઉંમર, જન્મ તારીખ, જાતિ, શૈક્ષણિક લાયકાત અને રહેઠાણ નો વિસ્તાર જેવી બાબતો નો સમાવેશ કરવા માં આવ્યો હતો.
- **માનસિક સ્વાથ્ય સંશોધનિકા:** પ્રસ્તુત સંશોધનમાં ગામડા તથા શહેરમાં વસતા લોકોના માનસિક સ્વસ્થ્યને તપાસવા માટે ડૉ. ડી. જે. ભટ્ટ અને ડો. જી. આર. ગીડા દ્વારા રચિત "માનસિક સ્વસ્થ્ય સંશોધનિકા (MHI)" નો ઉપયોગ માહિતી એકત્રીકરણ માટે કરવામાં આવ્યો હતો.

## 7. સંશોધન પ્રક્રિયા

સંશોધન પ્રક્રિયા માં પ્રથમ હેતુને ધ્યાન માં રાખી યોગ્ય કસોટી ની પસંદગી કરવામાં આવી હતી. પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણનો અભ્યાસ કરવા માટે "માનસિક સ્વાથ્ય સંશોધનિકા (MH)" નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કસોટી નું સંચાલન કરીને ઉત્તરદાતાઓ નાં જવાબ મેળવવા માટે પ્રેમ


લગ્ન અને આયોજિત લગ્ન કરેલ યુગલો માહિતીદાતા તરીકે યદરછ પુરુષો અને સ્ત્રીઓ ની પસંદગી કરવામાં આવી હતી. જેની કુલ 120સ્ત્રી અને પુરુષોની પસંદગી કરવામાં આવી હતી.

## 8. આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ

પ્રસ્તુત સંશોધન સ્વત્રંત પરિવર્ત્ય ને ધ્યાન માં રાખી પ્રેમ લગ્ન અને આયોજિત લગ્નનાં પ્રાપ્તાંકો સાથે નો સંબંધ શોધવા માટે આંકડાશાસ્ત્રીય પધ્ધતિ "ટી" કસોટી દ્રારા સાર્થકતા તપાસવા માટે નો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને તેની સાર્થકતા ની કક્ષાએ ચકાસણી કરી સિધ્ધાંત કલ્પના નો સ્વીકાર કે અસ્વીકાર કરી પરિણામ ચર્ચા અને અર્થઘટન કરવામાં આવ્યું. જેમાં જાતિની કક્ષાની પ્રેમ લગ્ન અને આયોજિત લગ્નનાં સંદર્ભ માં પરિણામ ચર્ચા નીચે પ્રમાણે કરવામાં આવી છે.

**પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણની કક્ષા દર્શાવતું કોષ્ટક**

| જૂથ | સંખ્યા(N) | મધ્યક mean | પ્ર. વિ. SD | SED | 't'ની કિંમત |
|---|---|---|---|---|---|
| પ્રેમ લગ્ન | 30 | 92.47 | 33.75 | 0.40 | બિન-સાર્થક |
| આયોજિત લગ્ન | 30 | 95.53 | 14.40 | | |





**પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણના મધ્યકનુ પ્રમાણ દર્શાવતો સ્તંભાલેખ**

પુરુષોમાં નાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણના માપન પરથી જાણવા મળે છે કે પુરુષોમાં પ્રેમ લગ્ન પ્રત્યેના વલણનો મધ્યક 92.47 છે અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણ મધ્યક 95.53 છે અને પ્રમાણિત વિચલન અનુક્રમે 33.75 અને 23.40 જૂથ વચ્ચે નું 'ટી' મૂલ્ય 0.40 આવે છે. પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણ પ્રાપ્તાંકોથી જોવા મળેછે કે પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણમાં આયોજિત લગ્નનું પ્રમાણ વધારે જોવા મળે છે એટલે કે પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણનું પ્રમાણ સમાન નથી.

**પ્રેમ અંગેના મનોવલણનું પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણના મધ્યક, પ્રમાણિત વિચલન, ટી- મૂલ્યસાર્થકતાની કક્ષા દર્શાવતું કોષ્ટક**

| જૂથ | સંખ્યા(N) | મધ્યક mean | પ્ર. વિ. SD | SED | ' t'ની કિંમત |
|---|---|---|---|---|---|
| પ્રેમ લગ્ન | 30 | 107 | 105.97 | 0.68 | બિન સાર્થકતા |
| આયોજિત લગ્ન | 30 | 101.77 | 97.21 | | |





**પ્રેમ અંગેનામનોવલણનું પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણના મધ્યકનુ પ્રમાણ દર્શાવતો સ્તંભાલેખ**

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણના માપન પરથી જાણવા મળે છે કે સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન પ્રત્યેના વલણનો મધ્યક 107 છે અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણ મધ્યક 101.77 છે. અને પ્રમાણિત વિચલન અનુક્રમે 105.97અને 97.21જૂથ વચ્ચે નું 'ટી' મૂલ્ય 0.68 આવે છે. સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણ પ્રાપ્તાંકો થી જોવા મળે છે કે સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણમાં પ્રેમ લગ્નનું પ્રમાણ વધારે જોવા મળે છે એટલે કે સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણનું પ્રમાણ સમાન નથી.

**પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્નઅંગેના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતું કોષ્ટક**

| જૂથ | સંખ્યા(N) | મધ્યક mean | પ્ર. વિ. SD | SED | 't'ની કિંમત |
|---|---|---|---|---|---|
| પુરુષો | 30 | 112.47 | 112.23 | 0.29 | બિન સાર્થક |
| સ્ત્રીઓ | 30 | 105.97 | 23.32 | | |





**પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્નઅંગેના પ્રાપ્તાંકોની કક્ષા દર્શાવતો સ્તંભાલેખ**

પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અંગેના વલણના સંદર્ભમાં પુરુષોનુ મધ્યક 112.47 છે અને સ્ત્રીઓનુ મધ્યક 101.77 છે અને પ્રમાણિત વિચલન અનુક્રમે 112.23 અને 23.32 જૂથ જ્યારે બંને જૂથ વચ્ચે નું ' ટી'- મૂલ્ય 0.29 આવે છે 0.05 કક્ષાએ બિન-સાર્થક છે. એટલે પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અંગેના વલણના સમાન નથી. કેમકે પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અંગેના વલણના સંદર્ભમાં સ્ત્રીઓ કરતાં પુરુષો માં વધારે પ્રમાણ જોવા મળે છે. એટલે પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અંગેના વલણના સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વલણનો પ્રમાણ વધારે છે.

**પુરુષો અને સ્ત્રીઓમાંઆયોજિત લગ્ન અંગેના વલણનાપ્રાપ્તાંકોનામધ્યક, પ્રમાણિતવિચલન,'ટી' મૂલ્યસાર્થકતાનીકક્ષાદર્શાવતુંકોષ્ટક**

| જૂથ | સંખ્યા(N) | મધ્યક mean | પ્ર. વિ. SD | SED | 't'ની કિંમત | સાર્થકતા ની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| પુરુષો | 30 | 114.44 | 98.21 | 0.61 | 0.99 | બિન સાર્થક |
| સ્ત્રીઓ | 30 | 111.91 | 16.45 | | | |




**પુરુષો અને સ્ત્રીઓમાં આયોજિત લગ્ન અંગેના વલણના પ્રાપ્તાંકો દર્શાવતો સ્તંભાલેખ**

પુરુષો અને સ્ત્રીઓમાંઆયોજિત લગ્ન અંગેના વલણનાસંદર્ભમાં પુરુષોનુ મધ્યક 114.44છેઅને સ્ત્રીઓનુ મધ્યક 111.91 છેઅને પ્રમાણિત વિચલન અનુક્રમે 98.21અને 16.45 જૂથ જ્યારે બંને જૂથ વચ્ચે નું ' ટી'- મૂલ્ય 0.99 આવે છે 0.05 કક્ષાએ બિન-સાર્થક છે.એટલે પુરુષો અને સ્ત્રીઓમાંઆયોજિત લગ્ન અંગેના વલણનાસમાન નથી.કેમકે પુરુષો અને સ્ત્રીઓમાંઆયોજિત લગ્ન અંગેના વલણનાસંદર્ભમાં સ્ત્રીઓ કરતાં પુરુષો માં વધારે પ્રમાણ જોવા મળે છે.એટલે પુરુષો અને સ્ત્રીઓમાંઆયોજિત લગ્ન અંગેના વલણનાસ્ત્રીઓ કરતાં પુરુષોમાં વલણનો પ્રમાણ વધારે છે.

## 9. સંશોધનના તારણો

- પુરુષોમાં પ્રેમ લગ્નના વલણો નો પ્રમાણ વધારે જોવા મળે છે. પ્રેમ લગ્ન અને આયોજિત લગ્નના વલણોમાં પુરુષોના વલણ સ્ત્રીઓ કરતા ઊંચો આવે છે.
- પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણમાં આયોજિત લગ્નનું પ્રમાણ વધારે જોવા મળે છે એટલે કે પુરુષોમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણનું પ્રમાણ સમાન નથી. જેમાંથી પુરુષોમાં આયોજિત લગ્નનો દર પ્રેમ લગ્નના મનોવલણ કરતા ઊંચો જોવા મળે છે.
- સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણમાં પ્રેમ લગ્નનું પ્રમાણ વધારે જોવા મળે છે એટલે કે સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન પ્રત્યેના વલણનું પ્રમાણ સમાન નથી. આમ, પ્રેમ લગ્ન અને આયોજિત લગ્ન દ્વારા પરિણિત સ્ત્રીઓમાં આયોજિત લગ્નને બદલે પ્રેમ લગ્ન પ્રત્યેના વલણનો દર ઊંચો જોવા મળેલ છે.
- પુરુષો અને સ્ત્રીઓ એમ બંને જૂથમાં પ્રેમ લગ્ન અંગેના વલણના સંદર્ભમાં સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વધારે પ્રમાણ જોવા મળે છે. એટલે પુરુષો અને સ્ત્રીઓમાં પ્રેમ લગ્ન અંગેના વલણના સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વલણનો પ્રમાણ વધારે છે. આમ, પ્રેમ લગ્નના સંદર્ભમાં પુરુષોના વલણનો દર સ્ત્રીઓ કરતા ઊંચો છે.
- પુરુષો અને સ્ત્રીઓમાં આયોજિત લગ્ન અંગેના વલણના સંદર્ભમાં સ્ત્રીઓ કરતાં પુરુષો માં વધારે પ્રમાણ જોવા મળે છે. એટલે પુરુષો અને સ્ત્રીઓમાં આયોજિત લગ્ન અંગેના વલણના સ્ત્રીઓ કરતાં પુરુષોમાં વલણનો પ્રમાણ વધારે છે. આમ, આયોજિત લગ્ન ના સંદર્ભમાં પુરુષોના વલણનો દર સ્ત્રીઓ કરતા ઊંચો છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## સંદર્ભસૂચિ


- Batabyal, A. A., & Beladi, H. (2002). Arranged or love marriage? That is the question. Applied Economics Letters, 9(13), 893-897.
- Gupta, G. R. (1976). Love, arranged marriage, and the Indian social structure. Journal of Comparative Family Studies, 7(1), 75-85.
- Gupta, G. R. (1976). Love, arranged marriage, and the Indian social structure. Journal of Comparative Family Studies, 7(1), 75-85.
- Kiecolt-Glaser, J. K., Bane, C., Glaser, R., & Malarkey, W. B. (2003). Love, marriage, and divorce: newlyweds' stress hormones foreshadow relationship changes. Journal of consulting and clinical psychology, 71(1), 176.
- Rustomji-Kerns, R. (1995). Arranged Marriage.
- Wallerstein, J. (2019). The good marriage: How and why love lasts. Plunkett Lake Press.
- Wexman, V. W. (1993). Creating the couple: Love, marriage, and Hollywood performance. Princeton University Press.
- https://censusindia.gov.in/